# તક્ષશિલા વિદ્યાલય-બાયડમાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી

## શાળાના છાત્રો ઋષિમુનિઓની વેશભૂષામાં ઉપસ્થિત રહ્યા








બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧

તા.૨૧ જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. શિક્ષણક્ષેત્રે અગ્રેસર તક્ષશિલા વિદ્યાલય-બાયડમાં ૮મા વિશ્વ યોગ દિવસની ૧૦૦૦થી વધુ છાત્રોની ઉપસ્થિતિમાં ઉજવણી થઈ હતી. શાળાના છાત્રો ઋષિમુનિઓની વેશભૂષામાં આકર્ષણરૂપ બન્યા હતા. વિશ્વ યોગ દિવસની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓ, વાલીઓ અને આમપ્રજાને સંબોધતાં સંસ્થાના સંચાલક અતુલભાઈ બી. પટેલે યોગથી શરીર અને મન તંદુરસ્ત રહે છે. યોગને જીવનની દિનચર્યા સાથે વણી લેવા માટે તેઓએ અનુરોધ કર્યો હતો.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લામાં મંગળવાર સવારથી વિશ્વ યોગ દિવસની ઉજવણીનો ઉત્સાહ જોવા મળ્યો. તેની પૂર્વ સંધ્યાએ જિલ્લાના અનેક વિસ્તારોમાં મૂશળધાર વરસાદ વરસતાં યોગ દિવસની ઉજવણી ઉપર સંકટ મંડરાશે તેવી સંભાવના હતી પરંતુ વરસાદ થંભી ગયો હોવાથી જાહેર સ્થળો તેમજ શૈક્ષણિક સંકુલોમાં સવારના ૬-૦૦ કલાકથી યોગ ટ્રેનરોની ઉપસ્થિતિમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી થઈ. તક્ષશિલા વિદ્યાલય-બાયડના વિશાળ સંકુલમાં યોગ ટ્રેનર દેવ ગોસ્વામીએ વિશ્વ યોગ દિવસ નિમિત્તે ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને ઉપસ્થિતોને યોગ કરાવ્યા હતા. જેમાં તાડાસન, વૃક્ષાસન, ભૂજગાસન, ત્રિકોણાસન, ભદ્રાસન, સવાસન, અનુલોમ-વિલોમ, કપાલભાતી સહિતના ૪૦ મીનીટ સુધી આસન કરાવી શરીરમાં યોગ અને પ્રાણાયામનું શું મહત્વ છે તેની સમજ આપી હતી. શિક્ષણક્ષેત્રે દર વર્ષે બોર્ડમાં સર્વોત્તમ દેખાવ કરનાર શૈક્ષણિક સંકુલે રાષ્ટ્ર પ્રત્યેના દાયિત્યમાં પણ હંમેશાં પોતાનો અમૂલ્ય સહયોગ આપવામાં અગ્રેસર રહેતી હોય છે. તક્ષશિલા વિદ્યાલય-બાયડમાં વિશ્વ યોગ દિવસની અનોખી થીમ ઉપર થયેલી ઉજવણીની જિલ્લા વહીવટી તંત્ર સહિત શિક્ષણ વિભાગના અધિકારીઓએ પણ ઉમદા નોંધ લીધી છે. સંસ્થાના સંચાલક અતુલભાઈ બી. પટેલ અને શાળા સ્ટાફના માર્ગદર્શન હેઠળ વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી સંપન્ન થઈ હતી.

### વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ ઉપસ્થિત રહ્યા

તક્ષશિલા વિદ્યાલય-બાયડમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી પ્રસંગે બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ, વોર્ડ નંબર-૧ ના કોર્પોરેટર પ્રવિણ એમ. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્ફૂર્ના પામેલ



વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સમગ્ર વિશ્વ સહિત બાયડ શહેર અને તક્ષશિલા વિદ્યાલય સામેલ થયા હતા તેની પણ ઉમદા નોંધ લઈ સંસ્થાના સંચાલક અને સ્ટાફને વિશ્વ યોગ દિવસની યાદગાર ઉજવણી માટે અભિનંદન પાઠવ્યા હતા.

## નાદરી પ્રાથમિક શાળા ખાતે વિશ્વ યોગ દિવસ ઉજવાયો



વિશ્વ યોગ દિવસ નિમિત્તે મંગળવારના રોજ હિંમતનગર તાલુકાની નાદરી પ્રાથમિક શાળા ખાતે આંતરરાષ્ટ્રીય ૮માં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના પરિસરમાં બાળકોએ વિવિધ પ્રકારના યોગાસનો કર્યા હતા તેમજ શિક્ષકો દ્વારા બાળકોને યોગ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એસ.એમ.સી.અધ્યક્ષ જયેશભાઈ બારોટ, શિક્ષક મનીષ પંડ્યા, કમલેશભાઈ પ્રજાપતિ તેમજ ગામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ધનસુરા તાલુકામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી



અરવલ્લી જિલ્લા માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી ત્યારે ધનસુરા તાલુકા માં પણ ૮ મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ની વિવિધ જગ્યાએ ઉજવણી કરવામાં આવી હતી.યોગ એ ભારતીય પરંપરા ધ્વારા વિશ્વ ને અપાયેલી એક અમૂલ્ય ભેટ છે માનવજાતને આરોગ્ય સુખાકારી અને માનવતા તરફ દોરવા ના ઉમદા હેતુથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવે છે ધનસુરા ની જે.એસ.મહેતા હાઈસ્કુલ, ઓધવ વિદ્યામંદિર સહિત તાલુકાની વિવિધ હાઈસ્કૂલો અને પ્રાથમિક શાળાઓમાં યોગ દિવસ નિમિત્તે યોગ કરી ઉજવણી કરવામાં આવી હતી.ધનસુરા ની વિવિધ સ્કૂલો ખાતે મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને બહોળી સંખ્યામાં પ્રજાજનો એ યોગ કરીને યોગ દિવસની ઉજવણી કરી હતી.જે. એસ. મહેતા હાઈસ્કૂલ ખાતે આચાર્ય, કેળવણી મંડળ ના પ્રમુખ, હોદ્દેદારો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઓ ઉપસ્થીત રહ્યા હતા.ઓધવ વિદ્યામંદિર ખાતે પણ આચાર્ય, મંડળ ના હોદ્દેદારો,શિક્ષકો, વિદ્યાર્થીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી.

## પ્રાંતિજના બાલીસણા ગામે તળાવમાં કરેલ દબાણ દુર કરવા માટે આવેદનપત્ર આપ્યુ



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના બાલીસણા ગામે તળાવ માં થયેલ ગેરકાયદેસર દબાણ દુર કરવા તથા તળાવ ઉડુ કરાવવા પ્રાંતિજ મામલતદાર ને આવેદન પત્ર આપ્યુ. પ્રાંતિજ ના બાલીસણા ગામે આવેલ તળાવ મા દબાણ થયુ હોવાને લઈ ને તંત્ર મા અનેકવાર રજુઆત બાદ આવેદનપત્ર આપી રજુઆત કરવામા આવી હોવાછતાંય તંત્ર દ્વારા આજદીન સુધી કોઈ કાર્યવાહી કરવામા આવી નથી અને તંત્ર દ્વારા એક બીજા ને ખોઓ આપવામા આવી રહી છે ત્યારે ફરી તળાવ મા થયેલ ગેરકાયદેસર દબાણ કરતાઓ વિરૂધ્ધ પ્રાંતિજ મામલતદાર વી.આર.પટેલ ને આવેદનપત્ર આપી રજુઆત કરવામા આવી છે ત્યારે તળાવ મા રહેલ દબાણો દુર થાય અને તળાવ ઉડુ કરવામા આવેતો આજુ બાજુમા આવેલ આશરે ૫૦ એક્ટર જમીન ને ફાયદો થાય તેમ છે અને તળાવ મા પાણી ભરાશે તો આજુબાજુના બોર કુવાઓમા પાણીના તર ઉન્ચા આવશે જેથી ખેડૂતોને ફાયદો થાય તેમ છે જેથી કેટલાક ગામનાજ લોકો દ્વારા પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે આવીને આવેદનપત્ર આપીને મૌખિક રજુઆતો પણ કરી હતી.

## ધાનેરામાંની ડી બી પારેખ હાઈસ્કૂલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી






ધાનેરા નગરપાલિકા દ્વારા આજે ધાનેરા ડી.બી.પારેખ હાઈસ્કુલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,જેમાં તમામ સરકારી કચેરીના અધિકારીઓ તેમજ સ્ટાફ સાથે યોગ કર્યા હતા. સાથે સાથે ભાજપ અગ્રણીઓ સહિત લોકો પણ જોડાયા હતા વહેલી સવારે છ વાગ્યાથી જ આ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કર્મચારીઓ અધિકારીઓ સહિત રાજકીય આગેવાનો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા અને ઉત્સાહ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

**બીટી, એચ.ટી. બિયારણનું ઉત્પાદન અને વેપલો કરનારા બિન્દાસ્ત**

## સાબરકાંઠાના શંકાસ્પદ બિયારણ પ્રકરણમાં ઢીલી તપાસથી અધિકારીઓ શંકાના પરીઘમાં

**કેટલાક ખેડૂત આગેવાનોએ વડાપ્રધાન કાર્યાલયમાં ગંભીર ફરિયાદ મોકલી**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના વડાલીની જીનીંગમાંથી બીટી અને એચ.ટી. પ્રતિબંધિત બિયારણ મળી આવ્યા પછી તપાસમાં ઢીલી નીતિથી જવાબદાર અધિકારીઓ શંકાના પરીઘમાં આવ્યા છે. કરોડોના ખેલમાં મામલો ઢીલી તપાસથી દબાવી દેવાની પેરવી થતાં ઈડર, વડાલી સહિતના કેટલાક ખેડૂત આગેવાનોએ વડાપ્રધાન કાર્યાલયમાં ૪ પાનાની ગંભીર ફરિયાદ મોકલી સચિવાલયમાં બેઠેલા અધિકારીઓ સામે ખુલ્લેઆમ આંગળીઓ ચિંધ્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર એચ.ટી. કપાસના ઉત્પાદન ઉપર કેન્દ્ર અને રાજ્ય સરકારે સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો છે પરંતુ ગુજરાતના વડાલીમાં કેટલાક જીનીંગ યુનિટમાં અધિકારીઓ સાથેની સાંઠગાંઠ કે પછી અંદરખાને આવું પર્યાવરણ માટે હાનિકારક બિયારણ ઉત્પાદન કરવાનો અને વેચાણ કરવાનો ધિક્તો ધંધો લાંબા સમયથી ચાલતો હોય તેમ ગત તા.૧૦ મે.ના રોજ ૪ જીનીંગ યુનિટમાં તપાસ પછી અંદાજીત રુ ૩ કરોડના સીઝ કરાયેલા કપાસ બિયારણના રિપોર્ટ જાહેર થયા છે જેમાં ૪ પૈકી ૩ જીનીંગના રિપોર્ટમાં બીટી અને એચ.ટી. પોઝિટિવ આવતાં ખળભળાટ મચ્યો છે. જ્યારે તંત્ર માત્ર નોટિસના તમાશા દેખાડી ખેડૂતો અને સાચા અરજદારોને ગુમરાહ કરવા નિકળ્યું હોય તેવું સ્પષ્ટ જણાયું છે. રાજ્યના ખેતી નિયામક (ગુણવત્તા) સહિતના અધિકારીઓ હવે ધીરે ધીરે શંકાના દાયરામાં આવી ગયા છે. અગાઉ માનવ જાત માટેની બનાવટી દવાઓ પછી શંકાસ્પદ કપાસના બિયારણના જથ્થાએ સીસ્ટમમાં ચાલતા ભ્રષ્ટાચારને રીતસરનો ઉઘાડો પાડ્યો છે. પ્રતિબંધિત બિયારણ હોવાનું ફલિત થયાના દિવસો પછી પણ પોલીસ ફરિયાદ થતી નથી અને માત્ર નોટિસ આપી તંત્રએ સંતોષ માન્યો છે. જ્યારે ભ્રષ્ટાચારમાં માહેર ખેતી વિભાગના એક અધિકારીએ સાણસામાં આવેલા જીનર્સોને બચાવી લેવા માટે બીડું ઝડપ્યું છે અને કેવી રીતે નોટિસનો જવાબ આપવો જેથી ઉણી આંચ ન આવે તે માટે ખાસ એક હોટલનના રૂમમાં લેસન આપ્યાનું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.



## બાયડ પંચાલ સમાજનું ગૌરવ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧

બાયડ તાલુકાના દખણેશ્વરના સ્વ.સુરેશભાઈ જેઠાભાઈ પટેલના પુત્ર ડી.રવિ પંચાલ એમ.ડી., ફીજીશીયન ફર્સ્ટ કલાસ સાથે ઉત્તિર્ણ થઈ પંચાલ તેમજ વિશ્વકર્મા સમાજનું ગૌરવ વધારેલ છે.

**જગતના નાથ નગરચર્યા કરશે:**

## ભક્તોમાં અનેરો ઉત્સાહ

ઉત્તર ગુજરાતમાં ભવ્યાતીભવ્ય રથયાત્રા મોડાસા શહેરમાં યોજાય છે



જેમાં ખુદ ભગવાન જગન્નાથ દર્શન આપવા નીકળતા હોવાથી ભક્તો પણ આતુરતા પૂર્વક આવકારવા અનેરો ઉત્સાહ જોવા મળતો હોય છે આ વખતે ભક્તોના દર્શન માટે ભગવાન બહાર પરિભ્રમણ કરશે.મોડાસાની ૪૦ મી રથયાત્રાની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને આગામી અષાઢીબીજે એટલે કે, તા.૧લી જુલાઈના રોજ પરંપરાગતરીતે રથયાત્રા નિકળશે. રથયાત્રા સમિતિએ રથયાત્રા રૂટ અંગે પોલીસતંત્રને જાણ કરી દીધી છે મોડાસા શહેરમાં ૬ કિલોમીટરથી લાંબી રથયાત્રા નીકળવાની તૈયારીને આખરી ઓપ અપાઈ રહ્યો છે મોડાસા રથયાત્રા ઉત્સવ સમિતિના પ્રમુખ દિલીપ ભાઈ ભાવસારના જણાવ્યા અનુસાર, ૪૦ મી રથયાત્રાનો રૂટ લંબાવામાં આવ્યો છે .ભગવાન જગન્નાથની ૪૦મી રથયાત્રા સવારે ૧૧ કલાકે બાલકદાસજી મંદિરથી પ્રસ્થાન કરી સગરવાડા મહાકાળી મંદિર થી સરસ્વતી બાલમંદિર મોડાસા ચાર રસ્તા પર બપોરે પહોંચશે ત્યાંથી મેઘરજ રોડ ઉમિયા માતાજીના મંદિર થી ડી પી રોડ થઈ માલપુર રોડ પરથી ચાર રસ્તા થી બસ સ્ટેન્ડ અને કડિયાવાડા-ભાવસારવાડા હોળી ચકલા જૂની નગરપાલિકા પરબડી ચોક થી જૈન દેરાસર થી સાંજે ૭ વાગે નીજ મંદિર પરત પહોંચશે ૩૦ તારીખે ઓધારી માતાજી મંદિરે ભગવાન જગન્નાથનું મોમેરૂ ભરવામાં આવનાર છે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાના ભક્તોને રથયાત્રામાં જોડાવવા આહવાન કર્યું હતું સામાન્યરીતે અષાઢી બીજે રથમાં સવાર થઈને ભગવાન જગન્નાથજી ભક્તોને દર્શન આપવા બહાર નિકળતા હોય છે પરંતુ કોરોનાને કારણે સતત બે વર્ષ રથયાત્રા બંધ રાખવી પડી હતી. રથયાત્રા સમિતિએ રૂટ અંગે પોલીસ અને તંત્રને જાણ કરી દીધી છે મોડાસા શહેરમાં આ વખતે પરંપરાગત રૂટ તેમજ મેઘરજ રોડ થી ડીપી રોડ અને માલપુર રોડ ઉપર ૬ કિલોમીટર લાંબી રથયાત્રા નિકાળવાનો નિર્ધાર પણ સમિતિએ કરી દીધો છે. જે માટે રથને પણ સજ્જ કરવામાં આવી રહ્યો છે.ત્યારે કોરોનાને કારણે બે વર્ષ ક્વોરેન્ટાઈન રહ્યા બાદ આ વખતે એટલે કે, તા.૧લી જુલાઈને અષાઢી બીજે ભગવાન ભક્તોને દર્શન આપવા માટે રથમાં સવાર થઈને નગરની ચર્યા કરશે તેમ સ્પષ્ટ લાગી રહ્યું છે.

## બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ BSFના જવાનો સાથે કરી વિશ્વ યોગ દિવસની ઉજવણી

પાલનપુર, તા. ૨૧

આજે સમગ્ર વિશ્વમાં જ્યારે યોગ દિવસની ઉજવણી કરાઇ રહી છે. ત્યારે ભારત પાકિસ્તાન સીમા પર સીમાના પ્રહરી મ્જીહ્ર ના જવાનો સાથે બનાસ ડેરીના ચેરમેન અને પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરીએ યોગ દિવસની ઉજવણી કરી. જેમાં મોટી સંખ્યામાં ભારત પાકિસ્તાન સીમાની સુરક્ષા કરતા જવાનો જોડાયા હતા.



વિશ્વમાં આજે આઠમા યોગ દિવસની ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત દેશમાં અનેક સ્થળોએ યોગ દિવસ ઉજવવામાં આવ્યો. બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી આજે જવાનો સાથે મળી યોગ દિવસની ઉજવણી કરી. મ્જીહ્રના જવાનો યોગ દિવસની ઉજવણીમાં મોટી સંખ્યામાં જોડાયા. પ્રવાસન સ્થળ તરીકે વિકસેલા નડાબેટ ના પટાંગણમાં આજે યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. સીમાની સુરક્ષા કરતા જવાનો સાથે યોગ દિવસની ઉજવણી કરી બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ મ્જીહ્ર જવાનો મનોબળ અને જુસ્સો વધારવાનો પ્રયત્ન કર્યો.

વિશ્વ યોગ દિવસ નિમિત્તે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અથાગ પ્રયત્નો થકી આજે યોગને વૈશ્વિક ઓળખ મળી છે. આજે ન માત્ર ભારત પરંતુ વિશ્વના દરેક દેશોમાં ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ એવા યોગ શાસ્ત્રને સ્વીકારતા થયા છે. આજે જ્યારે વિશ્વ યોગ દિવસ છે ત્યારે ભારતના યુવાનો તેમજ દરેક નાગરિક નિત્ય યોગ કરી પોતાના આરોગ્યને નિરોગી બનાવે તેવી શુભેચ્છા પાઠવું છું.

## પ્રાંતિજ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાર્યક્રમ યોજાયો







પ્રાંતિજ તા ૨૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પણ આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવીહતી જેમાં શાળા કોલેજો સહિત ફેક્ટરીઓમાં યોગ કાર્યક્રમો યોજાયા હતાં.

પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ શાળા કોલેજો સહિત ફેક્ટરીઓમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગ કાર્યક્રમો યોજાયા હતાં જેમાં શેઠ.પી.એન્ડ આર હાઈસ્કુલ, અવરઓન સ્કુલ, ચિત્રાણી નર્સિંગ કોલેજ, એશિયન ગ્રેનીટો ઈન્ડિયા લિમિટેડ કંપની, તથા પ્રાંતિજ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ પ્રા.લી કંપની ખાતે પણ યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી જેમા પ્રાંતિજ નગરપાલિકા દ્વારા શેઠ.પી.એન્ડર શહેરી કક્ષાનો યોગ દિવસ ની યોગ દ્વારા ઉજવણી કરવામા આવી હતી જેમા પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ , પ્રમુખ દિપકભાઈ કડીયા સહિત નગરપાલિકા સ્ટાફ, નગરજનો શાળા ના વિધાર્થીઓ તથા શાળા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો જયારે અવરઓન હાઈસ્કુલ ખાતે યોજાયેલ તાલુકા કક્ષા નો યોગ કાર્યક્રમમા પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી એમ.એન. ડોડીયા, તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ ચૌધરી , તાલુકા હેલ્થ ઓફિસર સોલંકી તથા મામલતદાર કચેરી તથા તાલુકા કચેરી સ્ટાફ તથા પોલીસ સ્ટાફ તથા શાળાના વિધાર્થીઓ તથા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો અને યોગ દિવસને લઈને યોગ કર્યા હતા.

**ઝવેરીઓને મામૂ બનાવતી ઠગ ટોળકી સક્રીય**

# માલપુરમાં ઝવેરીને બનાવટી સોનાની વિંટીઓ પધરાવી મહિલાઓ ફરાર

**૩ મહિલાઓ સી.સી.ટીવી કેમેરામાં કેદ : હિંમતનગર, ઈડર, માલપુરના ઝવેરીઓને છેતરતી ટોળકીનો પર્દાફાશ**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ક્વેરીઓને બનાવટી સોનાના દાગીના પધરાવી છેતરપીંડી આચરતી ઠગ ટોળકી સક્રીય થઈ છે. માલપુરમાં ઝવેરીને સોનાની બનાવટી વિંટીઓ સાચી હોવાનું કહી ૩ મહિલાઓએ રુ ૨૫,૨૦૦ની છેતરપીંડી આચર્યા બાદ હિંમતનગર, ઈડર સહિતના વિસ્તારોમાં પણ આ ટોળકીએ ઝવેરીઓને નિશાન બનાવ્યાનું બહાર આવ્યું છે. સાબરકાંઠા એલ.સી.બી. દ્વારા ઠગ ટોળકીના કેટલાક સાગરીતોની અટકાયત કરી આગવી ઢબે પૂછપરછ કરવામાં આવતાં હિંમતનગર, ઈડર, માલપુર તેમજ વિજાપુર સહિતના છેતરપીંડીના ગુના કબુલી લીધા છે.

જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી હિન્દીભાષી મહિલાઓના નિશાના ઉપર ઝવેરીઓ આવી ગયા છે. પૈસાની તાત્કાલિક જરુરીયાત ઉપરાંત પોતે એન.જી.ઓ. સંસ્થામાં કામ કરતી હોવાની




ઓળખ આપી બનાવટી સોનાના દાગીના વેચી પૈસા ખંખેરી લેવામાં આવી રહ્યા છે. હિંમતનગર, ઈડર અને ત્યારબાદ માલપુરમાં પણ આ ઠગ ટોળકી દ્વારા ઝવેરીને છેતરવામાં આવ્યો હોવાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાવી છે. માલપુરના જૂના ભવનાથ મંદિર પાછળ રહેતા ઝવેરી રામસિંહ ભીખાજી રાજપૂત તા. ૧૭ના રોજ સાંજના સમયે તેમની આરતી ક્વેલર્સ દુકાનમાં બેઠા હતા જે સમયે ૩ મહિલાઓ દુકાનમાં પ્રવેશી પોતે એન.જી.ઓ. સંસ્થામાં કામ કરે છે અને માલપુર નજીકના ગામમાં મકાન ભાડે રાખ્યું છે તેમ કહી પૈસાની જરુરીયાત હોવાથી સોનાની વિટીઓ વેચવી છે તેવું કહ્યું હતું જેથી ઝવેરીએ માત્ર એસિડ ટેસ્ટથી રૂ ૨૫,૨૦૦ની કિંમતે વિંટીઓ ખરીદી પરંતુ બાદમાં તે બનાવટી નિકળી હતી. ઝવેરીને વિંટીઓ વેચવા સમયે દુકાનમાં સી.સી.ટીવી કેમેરા ચાલુ હોવાથી ત્રણેય મહિલાઓ આબાદ રીતે કેમેરામાં કેદ થઈ છે. અન્ય સ્થળે પણ આ ઠગ ટોળકીની મહિલાઓએ બનાવટી સોનાની વિંટીઓને સાચા તરીકે ખપાવી ઝવેરીઓને છેતર્યા હોવાથી હરકતમાં આવેલી સાબરકાંઠા એલ.સી.બી.ની ટીમે હિંમતનગરમાંથી ટોળકીના સાગરીતોને દબોચી લીધા છે જેમાં હિંમતનગર, ઈડર અને માલપુરમાં ઝવેરીને છેતર્યો હોવાની કબુલાત કરી લીધી છે.